અપીલ અરજી નં.૨૨૬ તા.૨૬–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રી રીયાઝખાન અબ્દુલ રશીદખાન પઠાન
સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રીયાઝખાન અબ્દુલ રશીદખાન પઠાનની તા.૧૦–૯–૦૯ નીઅરજીથી વોર્ડ નં.૧૧ નોંધ નં.૨૧૧૧ ની મીલ્કતનાં મંજુર લે–આઉટ પ્લાનની નકલ તથા રજાચિઠ્ઠીની નકલ, લે–આઉટ પ્લાન મંજુર કરવામાં આવેલ ન હોય તો તેનાં જુદા જુદા પ્લાન મંજુર કઈ રીતે કરવામાં આવ્યા? વિગેરે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૬–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૨૬/૨૦૦૯–૧૦

શ્રી રીયાઝખાન અબ્દુલ રશીદખાન પઠાનની તા.૧૦–૯–૦૯ નીઅરજીથી વોર્ડ નં.૧૧ નોંધ નં.૨૧૧૧ ની મીલ્કતનાં મંજુર પ્લાન અને લે–આઉટ પ્લાનની નકલ લે–આઉટ પ્લાન મંજુર કરવામાં આવેલ ન હોય તો તેનાં જુદા જુદા પ્લાન મંજુર કઈ રીતે કરવામાં આવ્યા? વિગેરે માહિતી આપવા બાબતે આપેલ માહિતી અપુરતી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૨૧ તા.૩૦–૧૦–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને મુળ અરજીની નકલ ભરેલ ફી ની વિગત તથા મળેલી માહિતીની નકલ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૧૧–૧૧–૦૯ ના રોજ મળેલ માહિતીની નકલ તથા મુળ અરજી નોન જયુડીશીયલ સ્ટેમ્પવાળી રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૦૮૯ તા.૧૩–૧૧–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં મુળ અરજીની નકલ નોંધ વિભાગ તથા અરજદારન પાઠવેલ માહિતી નં.સી.ઝેડ/આરટીઆઈ/આનં.૯૨૪ તા.૭–૧૦–૦૯ ના પત્રની નકલ રજૂ કરેલ છે. તથા અરજદારે તા.૭–૮–૦૯ ના રોજ કરેલ અરજી બાબતે સી.ઝેડ/આરટીઆઈ/આ.નં૭૪૧ તા.૪–૯–૦૯ ના પત્રની સંદર્ભ નકલ રજૂ કરેલ છે.

અરજદાર શ્રી રીયાઝખાન અબ્દુલ રશીદખાન પઠાનની આઈ ડી નં.૬૭૯ તા.૧૦–૯–૦૯ નીઅરજીથી વોર્ડ નં.૧૧ નોંધ નં.૨૧૧૧ ની મીલ્કતનાં મંજુર લે–આઉટ પ્લાનની નકલ તથા રજાચિઠ્ઠીની નકલ માંગેલ જે બાબતે અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તેમની તા.૭–૮–૦૯ ની અરજીથી આપેલ માહિતીમાં સદર જગ્યાનો લે આઉટ પ્લાન અત્રેથી મંજુર કરવામાં આવેલ નથી તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. લે–આઉટ પ્લાન મંજુર કરવામાં આવેલ ન હોય તો તેનાં જુદા જુદા પ્લાન મંજુર કઈ રીતે કરવામાં આવ્યા? વિગેરે માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૯૨૪ તા.૭–૧૦–૦૯ થી "વોર્ડ નં.૧૧ નોંધ નં.૨૧૧૧ વાળી જગ્યામાં અલગ અલગ માલિકો ધ્વારા રજૂ કરવામાં આવેલ અલગ અલગ પ્લાનો નિયમોનુસાર અત્રેથી મંજુર કરવામાં આવેલ છે." તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૨૬–૧૦–૦૯ ના રોજ અપીલ અરજી કરી નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી માંગવામાં આવેલી માહિતી અપૂરતી છે તથા મંજુર પ્લાન અને લે આઉટ પ્લાનની નકલની માંગણી કરવામાં આવેલ છે જે પૂરી પાડવામાં આવેલ નથી.તેવી રજૂઆત બાબતે અરજદારને તેમની તા.૭–૮–૦૯ ની અરજી સંદર્ભે સી.ઝેડ/આરટીઆઈ/૭૪૧ તા.૪–૯–૦૯ ના પત્રથી માહિતી આપવામાં આવેલ છે. જુદા જુદા પ્લાન મંજુર કઈ રીતે કરવામાં આવ્યા તેની સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. તેવો આગ્રહ રાખેલ છે જે કાયદા સાથે સુસંગત નથી. અપૂરતી માહિતીમાં પ્રોપર્ટી કાર્ડની નકલ આપવામાં આવેલ નથી. સનદના માપના આંકડાવાળી નકલ આપવામાં આવેલ નથી. મંજુર લે આઉટ પ્લાન કયારે અને કઈ રીતે પાસ કરીને જુદા પ્રોપર્ટી કાર્ડ બનાવાયા તેની વિગત. નોંધ નં.૨૧૧૧/૧નો પ્લાન પાસ કરાવતી વખતે મંજુર લે આઉટ પ્લાનની નકલની માંગણી સબંધિત ખાતા ધ્વારા કેમ કરાયેલ નથી વિગેરે વિવરણ જણાવી અપીલ અરજી કરવામાં આવેલ છે. જે અરજદારેઅપૂરતી માહિતીમાં અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ અરજદારની તા.૭–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે સી.ઝેડ/આરટીઆઈ/૭૪૧ તા.૪–૯–૦૯ થી પૂરી પાડેલ પૂરક વિગતોમાં વોર્ડ નં.૧૧ નોંધ નં.૨૧૧૧ વાળી જગ્યાનો લે આઉટ પ્લાન અત્રેથી મંજુર કરવામાં આવેલ નથી તેવી માહિતી પૂરી પાડેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે જેથી માહિતી સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે અપૂરતી માહિતી બાબતે કરેલી રજૂઆત અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧ –૦૯

ડે.કમિશ્નર(જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

***પ્રતિ,***
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રીયાઝખાન અબ્દુલ રશીદખાન પઠાન,